# શ્રી એસ.આર.ભાભોર આર્ટ્સ કોલેજ. સીંગવડ

## વિષય- ગુજરાતી

**સંયોજક**

**રજૂકર્તા**

ડૉ.રાજેન્દ્રકુમાર કે.મકવાણા

# સંયોજક એટલે શું ?

જેવી રીતે નદીના બે કિનારાને જોડવાનું કામ ‘સેતુ’ કરે છે તેવી રીતે જે પદ બે શબ્દોને, બે શબ્દો સમુહોને કે બે વાક્યોને જોડવાનું કામ કરે છે તેને સંયોજક કહે છે.

- સંયોજકને પરંપરાગત રીતે ‘ઉભયાન્વયી અવ્યય’ પણ કહે છે.
- ‘ઉભય’ એટલે બે અને ‘અન્વય’ એટલે ‘જોડવું’ ઉભય ને જોડવું તે.
- ટૂંકમાં સંયોજક વાક્યો, પદસમૂહ અને પદોને જોડવાનું કામ કરે છે.

# સંયોજકના ઉદાહરણ

## વાક્યને જોડનાર સંયોજક

-એ ગયો અને તમે આવ્યા.

-જો તમે મારી વાત નહિ માનો તો મજા નહિ આવે.

## પદસમૂહ કે પદને જોડનાર સંયોજક


-હું અથવા મારો કોઈ માણસ આવશે.

-અહિંસા એટલે માત્ર સ્થૂળ હિંસા ન કરવી એવું નહિ.

- વાક્ય કે પદને જોડનાર સંયોજકો જેવાકે , **‘જો-તો’, ‘જ્યાં-ત્યાં’, ‘જ્યારે-ત્યારે’, ‘તેથી’, ‘માટે’, ‘નહિતર’, ‘ને’, ‘અને’, ‘તથા’, ‘તેમજ’, ‘પણ’, ‘અથવા’, ‘કે નહીં તો’, ‘એટલે’, ‘અર્થાત’ વગેરે.**

- તમારું તેમજ મારું કહ્યું એણે માન્યું. (પદને જોડનાર)
- તમે એને કહ્યું તેમજ મને પણ કહ્યું. (પદને જોડનાર)

# સંયોજકના પ્રકાર


(૧)સમુવાચક
(૨)વિકલ્પવાચક
(૫)સહસંબંધ વાચક
(૬)પરિણામવાચક
(૯)પર્યાયવાચક
(૧૦)અવતરણવાચક
(૭)દ્રષ્ટાતવાચક
(૮)કારકવાચક
(૩)વિરોધવાચક
(૪)અનુમાનવાચક

# (૧)સમુચ્ચયવાચક સંયોજક

- ‘ને’, ‘અને’, ‘તથા’, ‘તેમ જ’, ‘વળી’, ‘ઉપરાંત’, જેવા સંયોજકો બે શબ્દો કે વાકયોના સમુચ્ચયનો એટલે કે એકઠાપણાના અર્થને દર્શાવે છે. જેમકે –
- રામ, સીતા અને લક્ષ્મણ વનમાં ગયા.
- ત્યાં આવજો તથા જમજો.

# (૨) વિકલ્પવાચક સયોજક

- બેમાથી એકની પસંદગી કે વિલકલ્પનો અર્થ સૂચવવા માટે ‘અથવા’, ‘અથવા-તો’, ‘કે’ જેવા સંયોજકો વપરાય છે. જેમ કે-

- તમે આ સાડી લો કે પેલી લો.

- ચાહો યા તિરસ્કારો.

# (૩) વિરોધવાચક સંયોજક

- જોકે, ‘તોપણ’, ‘છતાં’, ‘છતાં પણ’, ‘ઊલટું’, ‘બલકે’ જેવા સંયોજકો અર્થને પરસ્પર વિરોધમાં મૂકી આપે છે. જેમકે –
- ગઢ જીત્યો પણ સિંહ ગયો.
- હું આવ્યો પણ તમે ન મળ્યા.

# (૪) અનુમાનવાચક સંયોજક

- ‘તેથી’, ‘એટલે’, ‘માટે’, ‘એથી’, જેવા સંયોજકો અનુમાનરૂપ હકીકતનું કથન અને પાયારૂપ હકીકતનું કથન એ બંને પ્રકારના વાક્યોને જોડે છે. જેમ કે –

- તે લગ્નમાં ગયો હશે તેથી કચેરીમાં આવ્યો નહિ હોય.

# (૫) સહસંબંધ વાચક સંયોજક

- ‘જો-તો’, ‘જ્યારે-ત્યારે’, ‘જેમ-તેમ’, ‘જ્યાં-ત્યાં’ આ જોડકા સંયોજક વડે શરત, સમય, સ્થળ વગેરે વાક્યો બને છે. જેમ કે-
- જો તમે ગાશો તો હું ગાઈશ.
- જ્યારે તમે આવશો ત્યારે હું ખાઈશ.

# (૬) પરિણામ વાચક સંયોજક

- ‘એટલે’, ‘તેથી’, ‘એથી’, ‘માટે’, ‘ત્યાં’ જેવા સંયોજકો પાછળના વાક્યમાં પરિણામ દર્શાવે છે. જેમ કે –
- રાત-દિવસ મહેનત કરી એટલે પાસ થયો.
- ઇન્ટરવ્યુંમાં સારો દેખાવ કર્યો તેથી નોકરી મળી.

# (૭) કારણવાચક સંયોજક

- ‘કારણ કે’, ‘કેમ કે’ જેવા સંયોજકો પાછળના વાકયમાં કારણ દર્શાવે છે. જેમ કે –

- તે જમી ન શક્યો કારણ કે તેને દાંતમાં દુખાવો હતો.

- તે મૃત્યુ પામ્યો કેમ કે તેને કેન્સરનો રોગ હતો.

# (૮) દ્રષ્ટાંતવાચક સંયોજક

- 'જેમ કે', જેવા સંયોજકો પાછળના વાક્યોમાં ઉદાહરણ દર્શવવા માટે ઉપયોગ માં લેવાય છે. જેમ કે-

- અભિમાન વિનાશકને નોતરે છે, જેમકે રાવણ

# (૯) પર્યાયવાચક સંયોજક

- ‘અર્થાત’, ‘એટલે કે’, ‘એટલે’ જેવા સંયોજકો પદ કે વાકયનો બીજા પદ કે વાક્યમાં અર્થ દર્શાવનાર છે. જેમ કે-

- સમર્પણ એટલે બલિદાન વિના સિદ્ધિ નથી.

# (૧૦) અવતરણવાચક સંયોજક

- ‘કે’ સંયોજક પાછળના વકયોમાં અવતરણ રજૂ કરનાર સંયોજક છે. જેમ કે-

- ભગવાન બુદ્ધે ઉપદેશ આપ્યો છે કે અહિંસાનું પાલન કરો.

- બાઈબલમાં જણાવ્યુ છે કે તું તારા પડોશીને પ્રેમ કર.

# આભાર